# જીવને સર્વ સમયે મોક્ષમાર્ગ દુર્લભ શા માટે ?

## અનંતવાર શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણમાં જઈ આવ્યો અને અનંતીવાર સાધુપણું ધારણ કર્યું છતાં મોક્ષમાર્ગની પ્રાપ્તિ શા માટે ન થઈ ?

**જૈનો જાગો**

લેખાંક : ૬

### સત્યની ઝુરણા એટલે શું ?

મિથ્યાત્વમાંથી બહાર નિકળવાના અને સમકિત તરફ પ્રયાણ કરવાના અને મોક્ષમાં જવાના માર્ગની શાસ્ત્રમાં આપેલા ઉપાયોની સાચી સમજણ મેળવવાની વૃત્તિનું નામ સત્યની ઝુરણા.

જીવે અનંત ભવભ્રમણમાં અને આ ભવમાં મોક્ષ પ્રાપ્તિ માટે ઘણો ઘણો પોતાની સમજણનો અને પોતાને ગમતો ધર્મ કર્યો પણ મોક્ષમાર્ગ માટે (મોક્ષમાર્ગના અધિકારી થવા માટે) જે કરવું જોઈએ તે ન કર્યું. **"મોક્ષમાર્ગની યથાર્થ સ્વરૂપની પ્રતિતી મોક્ષનું કારણ".** મોક્ષમાર્ગ માટે જીવે પ્રમુખ અને મુખ્ય ગુણ સત્યની ઝુરણા કેળવવાનો હોય છે.

વ્યવહારમાં આપણે ઘણી વખત સાંભળીએ છીએ કે આ જીવ અનંતીવાર શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણમાં જઈ આવ્યો, અનંતીવાર સાધુપણું ગ્રહણ કર્યું અને અનંતીવાર જૈન કુળ મળ્યું, છતાં જીવને મોક્ષમાર્ગની સાચી સમજણ પ્રાપ્ત શા માટે ન થઈ ? વ્યવહારમાં સાંભળેલું પરમાત્માના સમવસરણ વિષેનું વર્ણન જો યથાર્થ હોય તો અનંતીવાર સમવસરણમાં જવાની જરૂર નથી, જીવનું એક વખતમાં કલ્યાણ થઈ જાય.

આગળ પરમાત્માના સમવસરણ વિષેની યથાર્થ સમજણ મેળવવાની વિચારણા કરીએ અને સાધુપણાની પણ વિચારણા કરીએ.

*** સત્સંગ ***

**પાંચ ઈન્દ્રિયોના વિકારો, ચાર કષાયો, રાગ, દ્વેષ અને અજ્ઞાન સરળતાથી મંદ કરાવે તેનું નામ સત્સંગ**

સત્યની ઝુરણા ન થવાનું કારણ (સત્ય ન મળવાનું કારણ) અનંત ભવભ્રમણમાં અને આ ભવમાં કરેલી જ્ઞાનની વિરાધનાનું ફળ. વિરાધના કરવા માટે કર્મનો કોઈ દોષ નથી હોતો પણ 'જીવની સ્વચ્છંદતા'. જીવ અનંત ભવભ્રમણથી જ્ઞાન અને જ્ઞાનીથી અપરિચિત છે. (અજાણ છે) અપરિચિત રહેવાનું કારણ જ્યારે જ્યારે મનુષ્યભવ મળ્યો ત્યારે ત્યારે કરેલી જ્ઞાન અને જ્ઞાનીની વિરાધનાનું કારણ.

૧) જીવને વિરાધના કરવાનું કારણ સંસારભાવ અને ધર્મનું મળતું માન. ધર્મના કારણે જીવને મળતું માન (માનવૃત્તિ)ને પણ જ્ઞાની પુરુષોએ સંસારભાવ કહ્યો છે.

૨) સંસારભાવને કારણે જીવની સુખવૃત્તિ (સુખબુધ્ધિ) વધી જવી.

૩) સુખબુધ્ધિ વધી જવાના કારણે પુણ્ય બાંધવાની વૃત્તિ વધવી.

૪) પુણ્ય બાંધવાની વૃત્તિ વધી જવાથી જીવે પુણ્ય પ્રકૃતિ ગાઢ કરી.

૫) પુણ્ય પ્રકૃતિ ગાઢ થવાથી જીવનો સંસારભાવ ગાઢ થયો. (સંસારના સુખો મળ્યા)

૬) સંસારભાવ (સંસારી સંબંધો) ગાઢ થવાથી જીવે સત્યની ઝુરણાની ઉપેક્ષા કરી.

૭) સત્યની ઝુરણાની ઉપેક્ષા કરવાથી જીવમાં અજ્ઞાન આવ્યું. (અજ્ઞાન રહ્યું)

૮) અજ્ઞાન રહેવાથી (અજ્ઞાન આવવાથી) જીવમાં રાગ, દ્વેષ ગાઢ થયા.

૯) રાગ-દ્વેષ ગાઢ થવાથી જીવનું ચાર ગતિનું ભવભ્રમણ ચાલુ રહ્યું.

૧૦) ચાર ગતિમાંથી બહાર નીકળવાનો મુખ્ય ઉપાય સ્વરૂપે ગુણ 'સત્યની ઝુરણા'.

જો જીવમાં સત્યની ઝુરણા જાગે તો અજ્ઞાન ટળે. જગતનું સ્વરૂપ (સંબંધોનું સ્વરૂપ, પદાર્થોનું સ્વરૂપ, જીવોની વૃત્તિનું સ્વરૂપ, ક્ષેત્રનું સ્વરૂપ અને ચાર ગતિનું સ્વરૂપ) જાણવા મળે.

**દેહ અને આત્માની ભિન્નતા જાણવી : જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ જાણવો**
**દેહ અને આત્માની ભિન્નતા માનવી : જ્ઞાનનો સ્વીકાર કરવો**
**દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી : જ્ઞાનનો અનુભવ કરવો**

૧૧) અજ્ઞાન ટળે તો રાગ-દ્વેષ પાતળા પડે.

૧૨) રાગ-દ્વેષ પાતળા પડે તો કષાયો મંદ થાય.

૧૩) કષાયો મંદ પડે તો પાંચ ઈન્દ્રિયોના વિકારોનો અભાવ થાય.

૧૪) પાંચ ઈન્દ્રિયોના વિકારોનો અભાવ થવાથી દેહભાવ મોળો પડે.

૧૫) દેહભાવ ઓછો થાય તો નામભાવ ઓછો થાય.

૧૬) નામભાવ ઓછો થાય તો માનબુધ્ધિ છુટે.

૧૭) માનબુધ્ધિ છુટે તો અહંકાર-અભિમાન મંદ પડે.

૧૮) અહંકાર અને અભિમાન મંદ પડે તો નમ્રતાનો ગુણ પ્રગટ થાય.

૧૯) નમ્રતાનો ગુણ પ્રગટ થાય તો સત્યની ઝુરણા જાગે.

૨૦) સત્યની ઝુરણા જાગે તો સત્યનો આદર વધે. (સત્ય = આત્મા/શાસ્ત્રનો સાર)

૨૧) સત્યનો આદર વધે તો સત્ય કરવાનું, સત્ય ધારણ કરનાર પ્રત્યે અને સત્ય આપનાર પ્રત્યે અત્યંત ભક્તિરાગ જાગે.

૨૨) સત્ય તરફ ભક્તિરાગ જાગવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય.

૨૩) જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી જીવને જ્ઞાન અને જ્ઞાનીનો યોગ થાય.

૨૪) જ્ઞાન અને જ્ઞાનીનો યોગ થવાથી જીવને સત્યનું આરાધન કરવાનું બળ મળે.

૨૫) સત્યની આરાધનાનું ફળ અનંત ભવમાંથી અલ્પભવમાં જવાનું કારણ બને અને વિરાધના કરવાનું ફળ અનંત ભવભ્રમણ સુધી જ્ઞાન, જ્ઞાની અને પરમાત્માનો વિયોગ થાય.

૨૬) પરમાત્માનો વિયોગ, સર્વ દુઃખોનું કારણ બને.

એ રીતે જીવ ચાર ગતિમાં અનંત અનંત દુઃખ, દરીદ્રતા અને દીનતા અનુભવે. આધી-વ્યાધી-ઉપાધીઓથી ઘેરાયેલો રહે. એક સમય પણ સુખ અને શાંતી ન પામી શકે એવું જ્ઞાનની વિરાધનાનું ફળ છે.

જીવે અનંત ભવભ્રમણમાં અને આ ભવમાં પણ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદોની સતત ઉપેક્ષા કરી, લક્ષમાં રાખ્યા વગર જીવન જીવ્યો. પાંચ પદોનું ઉપકારીપણું ક્યારેય સ્વીકાર્યું નહીં, પુણ્યના ઉપાર્જન સ્વરૂપે ભજ્યું. ક્યારેય ઉપકારીપણું સ્વીકારીને આરાધ્યું નહીં અને સતત વિરાધના કરતાં કરતાં જ્ઞાનાવરણીય કર્મના બંધ બાંધ્યા. તેના ફળ સ્વરૂપે સત્યની ઝુરણાની સમજણમાંથી સાવ બહાર નીકળી જઈ સત્યની ઝુરણાનો ક્યારેય વિચાર ન કર્યો, મોક્ષમાર્ગ સાચો સમજવાની ક્યારેય વૃત્તિ ન જાગી. ધર્માચાર્યો પાસે ક્યારેય મોક્ષમાર્ગ ન માંગ્યો. પુણ્ય બાંધવાના ઉપાયો કર્યા, પુણ્ય બાંધવાના કાર્યો કર્યા અને પુણ્ય બાંધનારાઓની અનુમોદના કરી અને સતત પુણ્યની લેશ્યામાં જીવ વહ્યો ગયો.

**સવંત્સરી તિથીનો વિવાદ**
**જ્ઞાનની આરાધના કે વિરાધના ?**

**જ્ઞાન વેશમાં છે કે ગુણમાં ?**
**સમકિત વેશમાં કે દ્દષ્ટિમાં ?**

૧) પુણ્યનું ફળ સંસારના સુખો.

૨) સંસારના સુખોની પ્રાપ્તિ સંસારના સાધન(પદાર્થ)માંથી કરી.

૩) સંસારના સાધનોની પ્રાપ્તિ કરતા કરતા જીવે અનંત કર્મો બાંધ્યા.

૪) પ્રાપ્ત કર્યા પછી ભોગવતા ભોગવતા અનંત કર્મો બાંધ્યા.

અને તે પદાર્થોના વિયોગે અનંત એવું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધારણ કર્યું. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના કારણે જીવ અનંત અનંત દુઃખી થયો.

પુણ્ય પ્રકૃતિનું ફળ અનંત દુઃખોનું કારણ બન્યું. (સમકિતની પ્રાપ્તિ વખતે સાત પ્રકૃતિના ક્ષયમાં પુણ્ય પ્રકૃતિનો ક્ષય કરવાનો હોય છે.)

ઈચ્છાઓ થવાનું કારણ પુણ્ય પ્રકૃતિ અને સર્વ દુઃખોનું મુળ ઈચ્છા (પુણ્ય પ્રકૃતિ). આપણે આવી રીતે પાંચ પદોને ઉપકારીપણામાં લઈ જવાને બદલે પુણ્ય બાંધવાના કારણમાં લેવાથી જ્ઞાનાવરણીય કર્મનો ઘણા અંશે બંધ પડ્યો અને વિરાધના કરીને મોટામાં મોટો જ્ઞાનાવરણીય કર્મનો બંધ પાડ્યો અને સત્યની ઝુરણાનો, સત્ય જાણવાનો, સત્ય પામવાનો ભાવ સુધ્ધા જીવનમાંથી નીકળી ગયો. એવી જ રીતે પરમાત્માના સમવસરણ વિષે ભ્રમિત ખ્યાલોમાં રહીને જ્ઞાનાવરણીય કર્મનો બંધ પાડ્યો. બાળજીવો પુણ્યના યોગે સમવસરણમાં જશું એવા ખોટા ખ્યાલમાં રાચીને પુણ્ય પ્રકૃતિ વધારી મુકી પણ પરમાત્માના સમવસરણમાં પુણ્યની નહી પણ ગુણોની આવશ્યકતા હોય છે ને ગુણોના યોગે પરમાત્માના સમવસરણમાં જીવ જાય છે. જો પુણ્યના યોગે જવાનું હોત તો પરમાત્માના સમવસરણમાં રાજા, મહારાજા, સમ્રાટ અને ચક્રવર્તીઓ બધા જ આવ્યા હોત અને ગરીબો ન આવી શક્યા હોત. પરમાત્માનાં દેશના કાળ વખતે રચાતું સમવસરણ દેવો રચે છે, અને દેવો જ જોઈ શકે, બાળજીવો જોઈ ન શકે એટલે સમવસરણની રચના દેવો થકી હોય છે. બાળજીવો સમવસરણ જોઈ શકતા નથી ને સમવસરણને કારણે આકર્ષાતા નથી એટલે કે સમવસરણના ખોટા ખ્યાલોમાં જીવ રાચવાથી, જીવ પરમાત્મા સુધી પહોંચી શકતો નથી, સત્યની ઝુરણાના બળે જઈ શકે છે. (જ્ઞાનાવરણીય કર્મ ઘણા મંદ પડવાથી પરમાત્મા સુધી જવાય છે અને મંદ પડેલું જ્ઞાનાવરણીય કર્મ ક્ષય પામે છે.)

પરમાત્માનું ઉપકારીપણાનું સ્વરૂપ, પરમાત્માના સાધનાકાળનું સ્વરૂપ, પરમાત્માના જીવનકાળનું (સંસારીપણાનું) સ્વરૂપ અને પરમાત્માની દેશનાનું સ્વરૂપનું વર્ણન અવધિજ્ઞાની અથવા મનઃપર્યવજ્ઞાની જ યથાર્થ સ્વરૂપે આપી શકે. (છત્રીસ ગુણોથી યુક્ત આચાર્ય, સદ્‌ગુરુ, સંત, વધીને ત્રણ ભવે મોક્ષે જવાવાળા, છઠ્ઠા ગુણ સ્થાનકવાળા જીવ અથવા સાતમા ગુણ સ્થાનકવાળા જીવ, એક ભવે મોક્ષે જવાવાળા) પરમાત્માનું સ્વરૂપ આનાથી નીચેની અવસ્થાવાળા જીવો આપી જ ન શકે, કારણ કે નીચેની અવસ્થાવાળા જીવોને પૂર્વના ભવોનું જ્ઞાન ન હોવાથી આપી શકતા નથી અને અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનવાળા જીવોને પૂર્વના ઘણા ભવોનું જ્ઞાન હોવાથી અને પરમાત્માના સમવસરણમાં સાક્ષાત જઈ આવેલા હોવાથી અને જ્ઞાનના ઉપયોગથી પરમાત્માનું યથાર્થ જીવન સ્વરૂપ વર્ણવી શકે છે. અજ્ઞાનતાથી ભાવ સારા પણ સમજણ ખોટી હોવાથી આપનાર અને લેનાર બન્નેને જ્ઞાનાવરણીય કર્મનો બંધ પડે છે. પરમાત્માના ગુણોમાં જીવ ગમે તેટલી અતિશયોક્તિ કરે તો પણ પરમાત્માના ગુણોનું વર્ણન કરી શકતો નથી, ગુણોનું બહુમાન કરતાં કરતાં જીવ જ્ઞાનાવરણીય કર્મો પાતળા કરે છે. પરમાત્માના ગુણો ગાતી વખતે ગુણો પ્રત્યે અલ્પતા ન હોવી જોઈએ. અને પરમાત્માના જીવનના પ્રસંગોનાં વર્ણનમાં ઘણા ઘણા પ્રકારે સંયમ અને ઉપયોગ રાખવો જોઈએ. ભાવ ગમે તેટલા સારા હોય પણ દ્રષ્ટિ નબળીના કારણે પરમાત્માના જીવનના પ્રસંગોના વર્ણનમાં દ્દષ્ટિદોષ ઉત્પન્ન થાય એના કારણે વર્ણન કરનાર અને વર્ણન સાંભળનાર બન્નેમાં દ્દષ્ટિદોષ ઉત્પન્ન થાય. કહેવાનો સાર પરમાત્માના ગુણોનું વર્ણન કરાય પણ પ્રસંગોનું વર્ણન ન કરાય, પ્રસંગો ફક્ત જણાવાય. અને દરેક જીવો પોતપોતાની સમજણ પ્રમાણે પ્રસંગોનું અર્થઘટન કરે તો આપનારને જ્ઞાનાવરણીય કર્મનો દોષ ન પડે અને ખાસ જ્ઞાને કરીને જોયું હોય તો જ સમવસરણનું વર્ણન કરાય અન્યથા વર્ણન ન કરાય, શાસ્ત્રના આધારે જેવી રીતે જીવોને વાંચવામાં આવે તે રીતે વાંચવા દેવું જોઈએ. જો જીવોને સમવસરણ દેખાતું હોત તો પરમાત્માથી વિખુટા પડેલા એના શિષ્ય ગોશાળાનો સંપ્રદાય પરમાત્માના સંપ્રદાય કરતાં સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવિકામાં સંખ્યા દ્દષ્ટિએ મોટો ન હોત. જગતમાં તીર્થંકર પરમાત્મા સિવાય કોઈનું પણ સમવસરણ રચાતું નથી અને બાળજીવો એટલા બધા નબળા નથી હોતા કે સમવસરણ જોયા પછી છોડીને સામેના સંપ્રદાયમાં જાય. એ આધારે અને આવા અનેક આધાર છે કે જીવો પરમાત્માના સન્મુખ જવા છતા સમવસરણ જોઈ શકતા નથી. 'દેવોનું રચેલું દેવો જોઈ શકે'.

અનુસંધાન પાના નં ૧૦ પર

અનુસંધાન પાના નં ૯ થી ચાલું

# જીવને સર્વ સમયે મોક્ષમાર્ગ દુર્લભ શા માટે ?

*જેટલો દેહભાવ લક્ષમાં રાખીને શુભ કે અશુભ કાર્ય . તેટલું મિથ્યાત્વ ગાઢ
*જેટલો આત્મભાવ લક્ષમાં રાખીને કરેલું કાર્ય ......... તેટલું મિથ્યાત્વ નરમ
*જેટલી સુખબુધ્ધિ, માનબુધ્ધિ, સ્વાર્થબુધ્ધિ બળવાન ... તેટલું મિથ્યાત્વ બળવાન
*જેટલી શાંત બુધ્ધિ અને વૈરાગ્ય બધ્ધિ, નિર્મળ ...... તેટલું મિથ્યાત્વ નરમ
*જેટલી પુણ્ય પ્રકૃતિ બળવાન .......................... તેટલું મિથ્યાત્વ ગાઢ
*જેટલી પુણ્ય પ્રકૃતિ પાતળી ............................ તેટલું મિથ્યાત્વ પાતળું
*જેટલો ગુરૂત્વભાવ બળવાન ............................ તેટલું મિથ્યાત્વ બળવાન
*જેટલો શિષ્યત્વભાવ બળવાન .......................... તેટલું મિથ્યાત્વ નરમ
*જેટલો સંસારભાવ બળવાન .............................. તેટલું મિથ્યાત્વ બળવાન
*જેટલી સંસારભાવમાં ઉદાસીનતા ...................... તેટલું મિથ્યાત્વ મંદ
*જેટલો જીવ આગ્રહી અને જડ ........................... તેટલું મિથ્યાત્વ ગાઢ
*જેટલો જીવ અભિપ્રાયી અને સરળ ..................... તેટલું મિથ્યાત્વ પાતળું

એક વખત સમવસરણમાં ગયેલા જીવનું નિયમથી સર્વ સમય માટે નિગોદ યોનિ બંધ થાય અને અર્ધપુદ્ગલપરાવર્તન કાળમાં મોક્ષ થાય (કાળ મર્યાદાનું સમકિત). આ પરમાત્માની સન્મુખ ગયાનું ફળ અને પાંચમાં આરામાં જૈનકુળમાં જન્મવું, જૈન ધર્મ મળવો અને શ્રી મહાવીર ભગવાનનું શાસન મળ્યાનું કારણ પણ જીવ લગભગ પરમાત્માના સમવસરણમાં જઈ આવ્યો છે. આગળના યોગે કોઈ લેખાંકમાં પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરીશું.

આવી રીતે જીવે નમસ્કાર મહામંત્રના પહેલા પદનું સતત વિરાધન કર્યું. એના ફળ સ્વરૂપે જ્ઞાનાવરણીય કર્મનો બંધ પડ્યો અને તેની આ ભવમાં ખાત્રી સ્વરૂપે આજે પરમાત્માનું સ્મરણ અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ જીવે સગવડતાએ કર્યું, સગવડતાએ ભજ્યું અને અગવડતાએ (સંસારભાવે) પડતું મુક્યું. વિરાધના કરી તેનું ફળ અને સત્યની ઝુરણા ન કરી તેના કારણે આખી જીંદગીમાં મોક્ષમાર્ગની યથાર્થ સ્વરૂપની બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય માર્ગની ઓળખાણ ન મળી.

*** સત્સંગનું ફળ ***

**આધી-વ્યાધી-ઉપાધીઓ ટળે અને અર્થનું સરળપણું પ્રાપ્ત કરાવે તેનું નામ સદ્ગુરુ**
**આધી-વ્યાધી-ઉપાધીઓ ટકાવે અને અર્થની ઉપાધી વધારે તેનું નામ અસદ્ગુરુ**

અને પાંચમાં પદની જીવે કેવી રીતે વિરાધના કરી તેની વિચારણા કરીએ. જીવને માતા-પિતાની આદરભાવપૂર્વક ભક્તિ કરવાનું ગમ્યું નથી, એમનું સાંભળવું રૂચતું નથી અને માતા-પિતાને છોડીને બાકીનો સગાવાદ હૈયે વસ્યો છે. માતા-પિતાને ભુલીને બાકીના સંસારના સર્વ કાર્યો ઉત્સાહથી કર્યા, સ્વાર્થ પ્રેરિત સગાઓ માટે જીવે શું શું નથી કર્યું, તેનો જીવ શાંતભાવે વિચાર કરે. આવી સ્થિતી થવાનું કારણ શું ? પૂર્વ ભવોમાં પાંચમાં પદની વારંવાર વિરાધના કર્યાનું પરીણામ, અને સત્યની ઝુરણા ન જાગવાનું કારણ જીવ માતા-પિતાની ભક્તિ ચૂક્યો તેનું ફળ.

જૈન શ્રાવકોની આ કાળમાં સાધુ-સાધ્વીઓ બાબતમાં લેવાતી કાળજી વિષે કંઈપણ કહેવા જેવું નથી, શ્રાવકોની એટલી બધી ઉત્કૃષ્ટતાપૂર્વકની ભક્તિ છે. અને તેની સાબિતી સ્વરૂપે આજ સુધીમાં એક પણ જીવ શ્રાવકના કારણે સાધુ સંપ્રદાય ત્યાગીને સંસારીપણામાં આવવું નથી પડ્યું. (આહાર, વિહાર અને જીવનરક્ષા માટે શ્રાવકોએ આજ સુધીમાં પાછુ વાળીને જોયું નથી) જગતના મોક્ષમાર્ગના શ્રેષ્ઠ સાધકોમાં જો કોઈની ગણના કરવાની હોય તો જૈન સાધુ સંસ્થા ગણાય. **"સાધનાના માર્ગે ચાલતા સાધકને સહાય કરવી તે શ્રાવકનો મહાન શ્રાવક ધર્મ ગણાય."**

**દેવો રચિત સુક્ષ્મ સૃષ્ટિ, ચર્મ દૃષ્ટિથી જોઈ શકાય?**

હવે જીવ ઉત્સાહમાં આવીને અતિરેક કરે અને સાધકને સાધનાના માર્ગેથી ચલિત કરે જેમ કે સંસારીક વાતો કરીને સંસારભાવમાં લાવે, અર્થની વાતો કરીને વ્યાપારભાવમાં લાવે, સ્નેહીજનોની વાતો કરીને સગપણભાવમાં લાવે, સબળા આરોગ્યમાં શક્તિવર્ધક આહાર વહોરાવીને દેહભાવમાં લાવે અને સાધુ સંપ્રદાયના જે નિયમો લઈને સાધનાના માર્ગે તેઓ ચાલે છે તેમાં ઢીલા પડવાનું કોઈપણ પ્રકારનું જો શ્રાવક નિમિત્ત બને તો બળવાન જ્ઞાનાવરણીય કર્મનો બંધ પડે અને ભાવી ભવોમાં પોતે સાધુ થાય ત્યારે પતિત થવાનું કારણ બને. આવા કોઈપણ પ્રકારની વિરાધના ન થાય તેનો જીવ જો ઉપયોગ રાખે તો જ્ઞાનની આરાધના કરી ગણાય અને ઉપયોગ ચૂકે તો જ્ઞાનની વિરાધના કરી ગણાય.

આવી સમજણ રાખીને જીવ પાંચમાં પદની ઉપકારીપણાના ભાવ સાથે માતા-પિતા અને સાધુ-સાધ્વીઓનું, એમના આરોગ્યનું, એમના જીવનનું ધ્યાન રાખે તો પાંચમાં પદની આરાધના કરી ગણાય.

**જ્ઞાનની અનુમોદના અલ્પભવનું કારણ.**
**જ્ઞાનની ઉપેક્ષા અનંત ભવભ્રમણનું કારણ.**

જીવ પાંચ પદોમાંથી અત્યારે જે બે પદોનો યોગ મળ્યો છે, એનું નિ:સ્વાર્થભાવે નિષ્કામ ભક્તિ (કંઈપણ મેળવવાની લાલચ વગરની ભક્તિ) કરે તો ઘણા ઘણા પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ મંદ પડે અને સત્યની ઝુરણાનો ગુણ જાગૃત થાય. અને સાથે ઘણા ઘણા આત્મિક ગુણોનું પ્રગટ થવાનું કારણ બને. તેની વિસ્તૃત સમજણ યોગે કરીને આગળના કોઈ લેખાંકમાં વિચારશું.

જીવ માતા-પિતા અને સાધુ-સાધ્વીઓની ભક્તિ વિનય, વિવેક અને નમ્રતાનો ગુણ ધારણ કરીને કરે તો અનંત કર્મો ક્ષય થવાનું કારણ બને અને જો ઉત્સાહના અતિરેકમાં સાધનામાંથી ચલિત કરે તો બળવાન વિરાધના ગણાય.

જ્ઞાનનો અનુભવ કરવા માટે સાચું જ્ઞાન મેળવવું. મેળવ્યા પછી તેની અનુમોદના કરવી, અને અનુમોદના કર્યા પછી જીવનમાં ઉતારવાની કોશિષ કરવી.

**જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા માટે સાદી સમજણ પ્રમાણેનો ઉપાય :**

ઓછામાં ઓછી લાયકાત ભાવે સમકિત હોય (વધીને પંદર ભવની મર્યાદાવાળું સમકિત) અને એનાથી ઉપર આત્મસાક્ષાત્કાર પામેલા (આત્મદર્શન કરેલા) જીવોના હાથે લખાયેલા પુસ્તકોનું વાંચન, ચિંતન અને મનન કરવું જોઈએ. સંત પુરુષોના જીવન ચરીત્રો, પૂર્વમાં થયેલા જ્ઞાની પુરુષોના જીવનચરિત્ર અને પરમાત્માના જીવન ચરિત્રનું સતત વાંચન કરીને બળ મેળવવું જોઈએ. એવા પુસ્તકોનું અને એવા પુસ્તકો લખનારનું આદરભાવે, વિનય, વિવેકસહિત અને નમ્રતાયુક્ત તેમના નામોનો ઉલ્લેખ કરવો જોઈએ.

**શાસ્ત્રના સિધ્ધાંતોના મર્મમાં અલ્પબુધ્ધિના કારણે મતમતાંતર ઉભા થઈ શકે પણ એનો ઉકેલ અન્યધર્મીઓ ક્યારેય આપી ન શકે. (સમકિતી દૃષ્ટિ હોય ?)**

આવા વાંચનમાં કોઈપણ પ્રકારના વેશનો કે સંપ્રદાયનો આગ્રહ રાખવો ન જોઈએ. તેમના પ્રત્યે અને તેમના નામ પ્રત્યે ભક્તિરાગ રાખવાથી સહજ રીતે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. અને સત્યની ઝુરણા તીવ્ર બને છે. આવા પુસ્તકો લખનારે તે પુસ્તકોમાં આત્માની વાત મુખ્ય રાખી હોય છે. અને બાકીની ક્રિયાઓ ગૌણ બનાવેલી હોય છે.

અજ્ઞાનીએ લખેલા પુસ્તકોમાં ક્રિયાઓનું સ્થાપન મુખ્ય હોય છે, અને આત્માનું સ્થાન ગૌણ બનાવી દીધું હોય છે. "મિથ્યાત્વની દૃષ્ટિ મિથ્યા, વિચાર મિથ્યા, વાણી મિથ્યા, સમજણ મિથ્યા, એમનું કાર્ય મિથ્યા, એમના વ્રત, તપ, જપ મિથ્યા, એમનું સઘળું મિથ્યા અને એમની પાસેથી લેનારનું પણ સઘળું મિથ્યા."

મિથ્યાત્વમાં મિથ્યાત્વ ભળવાથી જ્ઞાનાવરણીય કર્મ ગાઢ બને છે. સાચું જાણવાની વૃત્તિવાળા જીવે વેશનો આગ્રહ છોડીને સત્યના ઉપાસક હોય અને સત્યના આરાધક હોય એમનું સાંભળવું, એમનું માનવું ને શક્ય હોય ત્યાં સુધી જીવનમાં ઉતારવું. આવા પ્રકારની સમજણ રાખીને જીવો શ્રાવક ધર્મ પાળે તો ઘણા પ્રકારે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય અને ભાવી ભવમાં જ્ઞાન પ્રાપ્તિનો યોગ થાય.

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ-પ્રભુ-પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.